


## દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને લીધે એક તરફ તબાહી મચાવી તો બીજી તરફ કુદરતી સૌંદર્ય પણ સોળે કળાએ ખીલી ઊઠ્યું







અત્યારે ચારે તરફ વરસાદથી થયેલા નુકસાનની જ વાત ચાલી રહી છે. એક સાથે જ્યારે ભારે વરસાદ પડે છે ત્યારે ખેતી અને ઉદ્યોગ બંનેને નુકસાન થાય છે. જો કે, બીજી તરફ વરસાદ ભારે હોય તો કેટલાક માટે શ્રાપ તો કેટલાક માટે આશિર્વાદ સાબિત થાય છે. દક્ષિણ ગુજરાતમાં પડેલા વરસાદના કારણે મધુવન ડેમ, ગીરા ધોધ. દેવ ઘાટ અને શિવઘાટ ધોધનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે.

# તંત્રની નિષ્ફળતાને લીધે સુરત બે દિવસથી પાણીમાં

**ત્રણ** વર્ષથી ચેતવણી આપી છતાં તંત્રે પગલાં ન લીધાનો દર્શન નાયકનો આક્ષેપ

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં ભારે વરસાદ બાદ સર્જાયેલી પાણી ભરાવાની સ્થિતિ અને ખાડી પૂર માટે કુદરતી કારણો કરતાં ભાજપ સરકારની વહીવટી નિષ્ફળતા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગની બેદરકારી અને જવાબદાર અધિકારીઓની નિષ્કાળજી જવાબદાર હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી તથા ખેડૂત આગેવાન દર્શન નાયકે જણાવ્યું છે. તેમણે આ સમગ્ર મામલે રાજ્ય સરકાર સમક્ષ ઉચ્ચસ્તરીય તપાસ કરાવી જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

દર્શન નાયકે જણાવ્યું કે સુરત શહેર અને જિલ્લામાં વરસાદી પાણીના ભરાવા અને ખાડી પૂર જેવી પરિસ્થિતિ કોઈ અચાનક સર્જાયેલી કુદરતી આપત્તિ નથી. છેલ્લા ત્રણ વર્ષથી તેઓ સતત લેખિત રજૂઆતો અને ચેતવણીઓ દ્વારા નદીઓ, ખાડીઓ અને કુદરતી જળમાર્ગોની સફાઈ, ગેરકાયદે ઝીંગા તળાવો દૂર કરવા, તાપી નદીના કિનારાના દબાણો તેમજ વરસાદી પાણીના નિકાલ માટે અસરકારક આયોજન કરવાની માંગ કરતા રહ્યા હતા. તેમ છતાં વહીવટી તંત્ર દ્વારા માત્ર બેઠકો અને સમીક્ષાઓ સુધી જ કામગીરી સીમિત રહી હોવાનું તેમણે જણાવ્યું.

તેમણે જણાવ્યું કે સુરત જિલ્લાના અનેક વિસ્તારોમાં મીંઢોળા નદી, કીમ નદી, સેના ખાડી, તેના ખાડી, ઘોડા ખાડી સહિતના કુદરતી જળમાર્ગોમાં વર્ષોથી અવરોધ ઊભો કરાયો છે.

### પહેલા જ વરસાદમાં સુરતનાં 74 હજાર ઘરોમાં અંધારપટ

સુરતઃ પહેલા જ વરસાદમાં સુરતના 74 હજાર ગ્રાહકોએ અંધારપટનો સામનો કરવાનો વારો આવ્યો હતો. વરસાદી પાણી સબસ્ટેશન અને વીજ ઉપકરણો સુધી પહોંચતા દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (ડીજીવીસીએલ) દ્વારા સલામતીના ભાગરૂપે અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. ભારે પાણી ભરાવાને કારણે 6 સબસ્ટેશન બંધ કરવામાં આવ્યા હતા, જ્યારે 105 ફીડરનો વીજ પુરવઠો અટકાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત સુરક્ષાના કારણોસર 1250 ટ્રાન્સફોર્મર પણ બંધ રાખવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિના કારણે શહેરના અંદાજે 74 હજાર વીજ ગ્રાહકોને અંધકારનો સામનો કરવો પડ્યો હતો. જો કે, સવાર સુધીમાં તો મોટાભાગનો પુરવઠો ચાલુ કરી દેવામાં આવ્યો હતો. ડીજીવીસીએલ દ્વારા રાતથી જ 450 જેટલા કર્મચારીઓની ટીમ મેદાનમાં ઉતારવામાં આવી હતી. પાણીનું સ્તર ઓછું થતાં જ વિવિધ વિસ્તારોમાં વીજ લાઇનો, ટ્રાન્સફોર્મર અને અન્ય સાધનોની તપાસ શરૂ કરવામાં આવી હતી. સલામતી ચકાસ્યા બાદ તબક્કાવાર વીજ પુરવઠો ફરી શરૂ કરવામાં આવ્યો હતો. ખાડી કિનારાના 14 હજાર ગ્રાહકો હજી પણ અંધારામાં છે.

### 600 ટ્રાન્સફોર્મર હજી પાણીમાં

દેવધ, ગોડાદરા, અલથાણ, બમરોલી, પુણા-સીમાડા, સરથાણા સહિતના ખાડી કિનારાના વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા છે. આ વિસ્તારોમાં અંદાજે 600 ટ્રાન્સફોર્મર હજી પાણીમાં હોવાથી તકેદારીના ભાગરૂપે વીજ પુરવઠો બંધ રાખવામાં આવ્યો છે.

### ખાડીઓ પર થયેલાં દબાણો દૂર કરવામાં નિષ્ફળ

દર્શન નાયકે જણાવ્યું કે, તાપી નદીના કિનારા અને વિવિધ ખાડીઓ પર ગેરકાયદેસર કબજાઓ અંગે અનેક વખત રજૂઆતો કરવા છતાં અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. સંકલન બેઠકોમાં લેવાયેલા નિર્ણયોનો પણ અમલ થયો નથી અને રાજકીય દબાણના કારણે કાર્યવાહી કાગળો સુધી જ સીમિત રહી ગઈ હોવાનું તેમણે આક્ષેપ કર્યો.

### પ્રિમોન્સૂન કામગીરીના નામે અધિકારીઓ સરકારની આંખો પર પાટા બાંધે છે

તેમણે જણાવ્યું કે જો ચોમાસા પૂર્વે જરૂરી પ્રીમોન્સૂન કામગીરી કરવામાં આવી હોત, કુદરતી જળમાર્ગોની સફાઈ થઈ હોત અને દબાણો દૂર કરવામાં આવ્યા હોત તો આજે લાખો નાગરિકો, ખેડૂતો અને વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો ન પડ્યો હોત. હાલની સ્થિતિ માત્ર ભારે વરસાદનું પરિણામ નહીં પરંતુ આયોજનના અભાવનું પ્રતિબિંબ હોવાનું તેમણે જણાવ્યું.

### પ્રિમોન્સુન ખર્ચના ઓડિટની માંગ

સરકારી નાણાંના ખર્ચ અને વરસાદ પૂર્વે કરવામાં આવેલી કામગીરીનું સ્વતંત્ર ઓડિટ કરાવવાની પણ માંગ કરી છે. જો તેમાં કોઈ ગેરરીતિ અથવા બેદરકારી સામે આવે તો સંબંધિત અધિકારીઓ સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ તેમણે કરી છે.

### વીએનએસજીયુના વહીવટી નિર્ણય પર સવાલ

# વરસાદને કારણે પ્રવેશથી વંચિતોને યુનિ.એ રાહત આપી

7 જુલાઈના એડમિશન રાઉન્ડમાં કોલેજ પહોંચી ન શકેલા વિદ્યાર્થીઓને પ્રવેશ નકારાતા ઉગ્ર રજૂઆતો

### કુલપતિના હસ્તક્ષેપ બાદ જૂનો રાઉન્ડ ફરી અમલમાં મૂકવાનો આદેશ

કુલપતિ કે. એન. ચાવડાએ સમગ્ર મામલાની ગંભીરતા ધ્યાનમાં લઈને તમામ સંલગ્ન કોલેજોને 7 જુલાઈના રોજ જાહેર કરાયેલા પ્રવેશ રાઉન્ડને ફરી અમલમાં મૂકવાનો આદેશ કર્યો હતો. સાથે જ જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ ઓફર કરવામાં આવી હતી તેમને મેરિટના આધારે ફરીથી પ્રવેશ ફાળવવાની સૂચના આપવામાં આવી હતી.

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદ વચ્ચે એક તરફ શાળા અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી, જ્યારે બીજી તરફ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અંડર ગ્રેજ્યુએટ અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા યથાવત રાખવાનો નિર્ણય લેવાતા હજારો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. વરસાદ અને જળબંબાકાર જેવી પરિસ્થિતિને કારણે અનેક વિદ્યાર્થીઓ સમયસર કોલેજ સુધી પહોંચી શક્યા નહોતા, જેના કારણે તેઓને મળેલી પ્રવેશ ઓફર હોવા છતાં પ્રવેશ કન્ફર્મ કરાવવાની તક ગુમાવવી પડી હતી.

યુનિવર્સિટીના પ્રવેશ સમયપત્રક મુજબ 7 જુલાઈના રોજ વિવિધ કોલેજોએ મેરિટના આધારે પ્રથમ રાઉન્ડ જાહેર કર્યો હતો. જેમાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓને નિયત 24 કલાકમાં કોલેજમાં હાજર રહી જરૂરી દસ્તાવેજો સાથે પ્રવેશ કન્ફર્મ કરાવવાનો નિયમ હતો. પરંતુ એ જ દિવસે સુરત સહિત સમગ્ર જિલ્લામાં ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર પણ અસરગ્રસ્ત બન્યો હતો. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ કોલેજ સુધી પહોંચી શક્યા નહોતા. બીજા દિવસે પરિસ્થિતિ સામાન્ય બનતા વિદ્યાર્થીઓ કોલેજોમાં પહોંચ્યા અને પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની માંગ કરી હતી. જોકે, કોલેજોએ જી-કાસ (GCAS) ના નિયમોનો હવાલો આપી 24 કલાકની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવાનું જણાવી પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો હતો. પરિણામે અનેક વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ ફેલાયો હતો અને વાલીઓએ પણ કોલેજો તેમજ યુનિવર્સિટી સમક્ષ રજૂઆતો શરૂ કરી હતી.

# તંત્રએ 13 ડમ્પર અને JCBની મદદથી રસ્તા ખુલ્લા કર્યા

**ભારે** વરસાદ બાદ સુરત જિલ્લાના રસ્તાઓની મરામત યુદ્ધના ધોરણે શરૂ



સુરતઃ સુરત જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન નોંધાયેલા ભારે વરસાદના કારણે અનેક ગ્રામ્ય માર્ગો અને રોડ સ્ટ્રક્ચરને નુકસાન પહોંચ્યું હતું. જેને કારણે વિભાગ દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓમાં સંકલિત આયોજન હેઠળ અંદાજે 148 કર્મચારીઓને કામગીરીમાં જોડવામાં આવ્યા હતા. મરામત માટે 12 JCB મશીનો, 13 ડમ્પર, આશરે 445 ક્યુબિક મીટર GSB (ગ્રાન્યુલર સબ-બેઝ) તેમજ 321 ક્યુબિક મીટર રબલ મટીરિયલનો ઉપયોગ કરીને રસ્તાઓની તાત્કાલિક મરામત કરવામાં આવી હતી. પરિણામે વરસાદથી પ્રભાવિત થયેલા માર્ગોને ફરી ટ્રાફિક માટે યોગ્ય બનાવવામાં આવ્યા છે. પંચાયત માર્ગ અને મકાન વિભાગના અધિકારી કે.કે.પટેલના જણાવ્યા મુજબ ભારે વરસાદના કારણે કામરેજ તાલુકામાં કામરેજ ચાર રસ્તા નજીક પેસિફિક હોટલથી કામરેજ ગામ તરફ જતા માર્ગ પર દીવાલ ધસી પડતાં રસ્તો બંધ થઈ ગયો હતો. વિભાગે તાત્કાલિક સ્થળ પર પહોંચી સફાઈ અને મરામતની કામગીરી હાથ ધરી હતી. કાટમાળ દૂર કરીને માર્ગને ફરી વાહન વ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવ્યો હતો. મહુવા તાલુકાના ઉપલી કોષ પરષોત્તમ હાઉસ માર્ગ તેમજ કઢૈયા એપ્રોચ રોડ પર આવેલા સ્ટ્રક્ચરના એપ્રોચને વરસાદના કારણે નુકસાન પહોંચ્યું હતું. વિભાગે આ સ્થળોએ પણ તાત્કાલિક મરામત કામગીરી પૂર્ણ કરીને વાહન વ્યવહાર પૂર્વવત્ શરૂ કરી દીધો છે.

# સુરતમાં પાણીના ભરાવા માટે રાજ્ય સરકાર જ જવાબદાર : કોંગ્રેસ

**સ્વામીનાથન** પંચની ભલામણોનો અમલ કરવામાં સરકાર નિષ્ફળ રહી છે

અમદાવાદ : કેન્દ્ર સરકાર ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ (MSP) અંગે મોટા વચનો આપે છે, પરંતુ સ્વામીનાથન પંચની ભલામણોનો અમલ કરવામાં નિષ્ફળ રહી છે. ડૉ. એમ.એસ. સ્વામીનાથનને 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હોવા છતાં તેમની ભલામણો માત્ર કાગળ પર જ રહી ગઈ છે. રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકે કેન્દ્ર સરકાર સમક્ષ સ્વામીનાથન પંચની ભલામણોને કાનૂની ગેરંટી સાથે અમલમાં મૂકવાની અને ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવની ખાતરી આપવાની માંગ કરી છે, પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે પ્રથમ વરસાદમાં જ સરકારના વિકાસ, પ્રી-મોન્સૂન કામગીરી અને ભ્રષ્ટાચારમુક્ત શાસનના દાવાઓની પોલ ખુલી ગઈ છે. રાજ્યભરમાં રસ્તાઓ ધોવાઈ ગયા, અનેક સ્થળોએ ભુવા પડ્યા, પુલોને નુકસાન થયું અને શહેરોમાં પાણી ભરાવાના કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. સુરતમાં છેલ્લા બે દિવસના ભારે વરસાદથી શહેરમાં જનજીવન ખોરવાઈ ગયું છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, વેપારીઓને ભારે નુકસાન થયું છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### બુધવારે વરસાદનો...

ચિંતામાં મૂકાયા હતા. અને આ અણધારી કુદરતી આફતમાંથી બહાર આવીને ધંધા-રોજગાર ફરી બેઠા કરવા તે વેપારીઓ માટે હાલ સૌથી મોટો પડકાર બની ગયો છે.

હજુ પણ આગામી બે દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં લોકોને સાવચેતી રાખવા અને સૂચનાઓનું પાલન કરવા માટે જણાવાયું હતું. બુધવારે વરસાદના વિરામને પગલે સુરતમાં પાણી ઉતરવાની શરૂઆત થઈ હતી પરંતુ જે વિસ્તારો ખાડીની નજીકના છે તે વિસ્તારોમાં હજુ પણ પાણી ભહાયેલા જોવા મળ્યા હતા. ખાડીપૂરને કારણે સુરતમાં હજુ પણ લાખો લોકો પાણીમાં છે. ખાડીપૂરમાં ફસાયેલાને બહાર કાઢવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. બુધવારે ફરીથી સુરતની સીમાડા, મીઠીખાડી અને ભેદવાડ ખાડી ઓવરફ્લો થઈ જતાં તંત્રએ દોડવું પડ્યું હતું. વરસાદ અને ખાડીપૂરને કારણે સુરતના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા તંત્રની સમીક્ષા બેઠક કરવામાં આવી હતી. બેઠકમાં સરવે કરવાનો આદેશ પણ કરવામાં આવ્યો હતો.

### સુરતમાં વરસાદના...

છે. તંત્રને પણ આશંકા છે કે આગામી કલાકોમાં આ આંકડો હજુ વધી શકે છે. વરસાદ દરમિયાન વીજ કરંટ લાગવાની ઘટનાઓ, પાણીમાં ડૂબી જવું, ઝાડ ધરાશાયી થતાં દબાઈ જવું તેમજ લપસીને પડી જવા જેવી દુર્ઘટનાઓએ અનેક લોકોનો જીવ લીધો છે.

### સચીન નજીક...

કલાકની ઝડપે પસાર કરવામાં આવી હતી. ટ્રેનોના રેક ઉપલબ્ધ ન હોવાને કારણે અને ઓપરેશનલ અવરોધોને લીધે વંદે ભારત એક્સપ્રેસ, ડબલ ડેકર, કર્ણાવતી એક્સપ્રેસ અને સયાજીનગરી એક્સપ્રેસ સહિત 39 ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. આ ઉપરાંત 21 ટ્રેનોને શોર્ટ-ટર્મિનેટ/શોર્ટ-ઓરિજિનેટ અને 46 ટ્રેનોને રી-શેડ્યુલ કરવી પડી છે. માત્ર સુરત રેલવે સ્ટેશન પર જ અંદાજે 70,000 મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા. મુસાફરોને કલાકો સુધી સ્ટેશન પર રાહ જોવી પડી હતી, જ્યારે મોટી સંખ્યામાં લોકોએ પોતાની મુસાફરી મોકૂફ રાખવી પડી હતી.

### આજથી શાળા...

રજા આપવાનો નિર્ણય લેવાની સત્તા આપવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી સ્થિતિ સંપૂર્ણ સામાન્ય ન બને ત્યાં સુધી સંસ્થાઓ વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને યોગ્ય નિર્ણય લઈ શકશે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર...

શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, ખાડીઓની સ્થિતિ, ગટર અને સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્કની ક્ષમતા, રોડ-રસ્તાઓ પર સર્જાયેલી સમસ્યાઓ તેમજ વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે હાથ ધરાયેલા પગલાં અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવશે. ખાસ કરીને ગયા વર્ષે ખાડીપૂરની ગંભીર સ્થિતિ બાદ જે દબાણો દૂર કરવાની કાર્યવાહી નક્કી કરવામાં આવી હતી, તે કામગીરી કેટલી પૂર્ણ થઈ, ખાડીઓમાંથી અવરોધો દૂર થયા કે નહીં અને વરસાદી પાણીના કુદરતી પ્રવાહમાં ક્યાંક અડચણો હજુ પણ યથાવત છે કે કેમ તે મુદ્દાઓ પર મુખ્યમંત્રી અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવશે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા મુજબ બેઠકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં વારંવાર પાણી ભરાવાના કારણો, ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર લાઇનની ક્ષમતા વધારવાના આયોજન, ભવિષ્યમાં આવી સ્થિતિ ન સર્જાય તે માટેના લાંબા ગાળાના ઉપાયો તેમજ ચાલી રહેલા વિકાસકાર્યોની પણ સમીક્ષા થશે. બેઠક પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રી વલસાડ જવા રવાના થશે. વલસાડનો કાર્યક્રમ પૂર્ણ કરીને તેઓ ફરી સુરત આવી ત્યાંથી ગાંધીનગર જવાના છે.

### 8 જુલાઈએ આંશિક રીતે પ્રભાવિત ટ્રેનો

» 12215/12216 દિલ્હી સરાય રોહિલ્લા - બાંદ્રા ટર્મિનસ
» 12479/12480 જોધપુર - બાંદ્રા ટર્મિનસ
» 12972/19217 ભાવનગર ટર્મિનસ - બાંદ્રા ટર્મિનસ
» 12489/12490 શ્રીગંગાનગર - દાદર
» 14707/14708 હનુમાનગઢ - દાદર
» 12996/12995 અજમેર - બાંદ્રા ટર્મિનસ

# આઉટર રિંગ રોડ પર બે યુવાનો પ્રવાહમાં તણાયા

**પ્રફુલ્લ** પાનસેરિયાએ કામરેજમાં અધિકારીઓ સાથે મધરાતે બેઠક યોજી



સુરતઃ સુરતમાં સતત વરસી રહેલા ભારે વરસાદને પગલે સરથાણા જકાતનાકા આઉટર રિંગ રોડ વિસ્તારમાં પાણીના પ્રવાહમાં બે યુવક ગુમ થયા હોવાની ઘટનાને લઈને ફાયર વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે શોધખોળ અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. મોડી રાત્રે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ ઘટના સ્થળે પહોંચીને અધિકારીઓ પાસેથી સમગ્ર સ્થિતિની માહિતી મેળવી હતી.

આરોગ્ય મંત્રીએ તમામ ઉપલબ્ધ સાધનો સાથે રેસ્ક્યુ ઓપરેશન ઝડપી બનાવવા સૂચના આપી હતી. બાદ કામરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે વિવિધ વિભાગોના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કામગીરી વધુ અસરકારક બનાવવા, વીજ પુરવઠો અને માર્ગ વ્યવસ્થા વહેલી તકે પુનઃ સ્થાપિત કરવા તેમજ વિભાગો વચ્ચે સતત સંકલન જાળવી વરસાદની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી બચાવ અને રાહત કામગીરી સતત ચાલુ રાખવા સૂચના આપવામાં આવી હતી.

### મંત્રી પાનસેરિયાની ઓફિસ પાસેનો વિસ્તાર પણ પાણીમાં



■ સુરતમાં ફરી એક વખત શાસકોની અણઆવડતને કારણે ખાડીપૂરને હવાલે થઇ ગયું છે. મંત્રી પ્રફુલ્લ પાનસેરિયાની ઓફિસ નજીક પણ પાણીનો ભરાવો થયો છે. **(તસવીર : સતીષ જાદવ)**

# દક્ષિણ ગુજરાતમાં વરસાદનું જોર નરમ છતાં રાજ્ય હાઈ એલર્ટ પર

**સાંજના** 6 વાગ્યા સુધી માત્ર 59 તાલુકામાં વરસાદ

**રાજ્યમાં** ધોધમાર વરસાદ, 7,522 લોકોનું સ્થળાંતર

ગાંધીનગર : દક્ષિણ ગુજરાતમાં આજે દિવસ દરમિયાન વરસાદનું જોર અગાઉના બે દિવસની સરખામણીએ થોડું નરમ પડ્યું હતું. જોકે, વલસાડ, નવસારી, ડાંગ, તાપી અને સુરતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યમાં આજે સાંજે 6 વાગ્યા સુધીમાં કુલ 59 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વલસાડના નાના પોંઢામાં 1.50 ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે કપરાડામાં 1.34 ઈંચ વરસાદ નોંધાયો છે.

સમગ્ર ડાંગ જિલ્લામાં 0.94 ઈંચ, નવસારીના વાંસદામાં 0.79 ઈંચ, સુરતના ઉમરપાડામાં 0.63 ઈંચ, નર્મદાના ડેડીયાપાડા તથા ભરૂચના નેત્રંગ અને ડાંગના સુબીરમાં 0.55-0.55 ઈંચ, વલસાડના વાપી અને ધરમપુરમાં 0.51-0.51 ઈંચ, નવસારીના ખેરગામ અને તાપીના કુકરમુંડામાં 0.47-0.47 ઈંચ, વલસાડના ઉમરગામમાં 0.43 ઈંચ, નર્મદાના તિલકવાડા તથા તાપીના સોનગઢ અને વ્યારામાં 0.39-0.39 ઈંચ તેમજ ડાંગના વઘઈમાં 0.35 ઈંચ વરસાદ નોંધાયો હતો.દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ સતત ત્રીજા દિવસે પણ તોફાની બેટિંગ ચાલુ રાખતાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. સુરત જિલ્લાના પલસાણામાં છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યનો સૌથી વધુ 18.19 ઈંચ વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જ્યારે નદીઓમાં નવા નીર આવ્યા છે અને જળાશયોમાં પાણીની આવક સતત વધી રહી છે.